# જન્મદિને વધામણી


**ઉરેન પટેલ**
અગ્રણી, ગાંધીનગર કોમ્પ્યુટર હાર્ડવેર એસોસિએશન
મો. ૯૪૨૬૦ ૧૧૦૦૮


**પ્રજ્ઞા ગજ્જર**
પૂજન ડાન્સિંગ ક્લાસ
મો. : ૯૯૦૪૨ ૫૧૬૫૧


**દુષ્યંતકુમાર બહેચરભાઈ શ્રીમાળી**
મો. ૯૭૩૭૧ ૪૫૧૬૨


**મોહનભાઈ કે સિનોલ**
મો. ૯૪૨૭૭ ૧૨૩૩૩

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક


કડી સર્વ વિશ્વ વિધ્યાલય સ્થિત એસ. કે. પટેલ પ્રિ-પ્રાઈમરી ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં બાળકોને લાઈબ્રેરીની મુલાકાતે લઈ જવામાં આવ્યા હતા. અહીં બાળકોને જીવનમાં પુસ્તકનું અને વાંચનનું મહત્વ સમજાવી, વાંચનપ્રેમ વિકસાવવા પ્રેરણા આપવામાં આવી હતી. બાળકોએ લાઈબ્રેરીમાં બેસીને કાર્ટૂનના ચિત્રોવાળા પુસ્તકો જોયા હતાં અને ખૂબ જ આનંદિત થયા હતાં.


રાષ્ટ્રીય યુવા યોજનાના રાષ્ટ્રીય અધ્યક્ષ ડૉ. એસ એન સુબ્બારાવ (ભાઈજી)ના ૮૯મા જન્મદિવસની ઉજવણી મધ્યપ્રદેશના મોરેના ગામ ખાતે કરવામાં આવી હતી, જ્યાં તેમણે ૧૪ એપ્રિલ, ૧૯૭૨ના રોજ ૬૫૪ ખૂંખાર ડાકુઓને આત્મસમર્પણ કરાવ્યું હતું અને તેમને શાંતિ, સદ્‌ભાવનાનો રસ્તો બતાવ્યો હતો. જન્મદિવસ પ્રસંગે ૮૯ કિલો ફૂલોના હાર પહેરાવી સુબ્બારાવજીનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગુજરાત પ્રદેશ એકમ દ્વારા ૨૦૧૭ના વર્ષના કૅલેન્ડરનું વિમોચન સુબ્બારાવજીના હસ્તે કરાવવામાં આવ્યું હતું. પ્રદેશ એકમના પંકજ ઝાલા તથા રાજેન્દ્રસિંહ રાણા આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

### જીઈબીના સરકારી પ્રાથમિક શાળા ખાતે

# માર્ગ સુરક્ષા, સલામતી અંગે વિશેષ કાર્યક્રમનું આયોજન



સરકારી પ્રાથમિક શાળા, જીઈબી કૉલોની ખાતે માર્ગ સુરક્ષા અને સલામતી અભિયાન અંતર્ગત આરટીઓ અધિકારી પ્રતીકભાઈ દવે અને તેમની ટીમ દ્વારા માર્ગ અકસ્માત નિવારવા તથા સાવચેતીના પગલા રૂપે કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. 'ટ્રાફિક ઍજ્યુકેશન ઍન્ડ અવૅરનેસ મોબાઈલ વાન'ના ઉપયોગથી દશ્ય-શ્રાવ્ય માધ્યમ દ્વારા ધોરણ-૫થી ૮ના વિદ્યાર્થીઓ તથા શાળા પરિવાર ઉપરાંત આસપાસના નાગરિકોને ટ્રાફિક સિગ્નલ, ઝેબ્રા ક્રોસિંગ, સીટ બેલ્ટ બાંધવાના ફાયદા, હેલ્મેટનું મહત્ત્વ, નિયમોનું પાલન ન કરવાથી થતું નુકસાન, લાયસન્સ કઢાવવા અંગેની માહિતી વિશદ રીતે આપવામાં આવી હતી. શાળા પરિવાર વતી આચાર્ય દિપ્તીબેન વસાવડાએ આરટીઓ ટીમ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી હતી.

## ડાયરેક્ટ ❤ સે

ગુલાબ
ચૉકલેટ
અને ટેડી
અંદરોઅંદર વાતો કરે છે
આ માણસો
આપણાં નામે ચરી ખાય છે
હિંમત હોય તો
એકવાર માણસાઈ ડે
ઉજવી બતાવે

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
જૉલી ઍલઍલબી-૨
૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૧૦.૧૦

**સ્ક્રીન-૩**
રૅસિડેન્ટ ઍવિલ (૩ડી, અંગ્રેજી)
૭.૪૫
જૉલી ઍલઍલબી-૨
૨.૦૦, ૫.૦૦, ૯.૩૦

**સ્ક્રીન-૪**
ધંત્યા (ગુજરાતી)
૧.૦૦
કુંગ ફુ યોગા
૪.૦૦
દંગલ
૬.૪૫
ઠન ઠન ગોપાલ (ગુજરાતી)
રાત્રે ૧૦.૦૦

**સ્ક્રીન-૫**
જૉલી ઍલઍલબી-૨
સવારે ૧૦.૦૦
કાબિલ
૧૨.૪૫, ૬.૩૦
રઈસ
૩.૩૦, ૯.૪૫

### આદિશ્વર કૉલેજ ઑફ ટૅકનોલૉજી ખાતે

# ન્યૂક્લિયર ઍનર્જી વિષયે સૅમિનાર



## ન્યૂક્લિયર પાવર કૉર્પોરેશન ઑફ ઈન્ડિયાના સહયોગથી સૅમિનાર યોજાયો

ગાંધીનગર, તા. ૧૨

આજના શહેરીકરણના યુગમાં વિદ્યુતઊર્જાની માગને પહોંચી વળવા અને ગ્લોબલ વૉર્મિંગના યુગમાં પર્યાવરણને નુકસાન પહોંચાડ્યા વિના વધુમાં વધુ વીજ ઉત્પાદન કરવા માટે અસરકારક અને ઊભરાતો વિકલ્પ છે ન્યુક્લિયર ઍનર્જી, જે બાબતે એક સૅમિનારનું આયોજન આદિશ્વર કૉલેજ ઑફ ટૅકનોલૉજી, વિનસ ખાતે યોજવામાં આવ્યો હતો.

'રિસેન્ટ ટ્રેન્ડ્સ ઈન ન્યૂક્લિયર ઍનર્જી' વિષયક આ સૅમિનારનું આયોજન આદિશ્વર કૉલેજ અને ન્યૂક્લિયર પાવર કૉર્પોરેશન ઑફ ઈન્ડિયા, કાકરાપાર ઍટોમિક પાવર પ્લાન્ટના સંયુક્ત ઉપક્રમે કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં સિનિયર ટૅકનીકલ ઍન્જિનીયર કમલ ડી જોષી, સાયન્ટીફિક ઑફિસર મુંજલ જી પટેલ અને તેમની ટીમ ઉપસ્થિત રહી હતી. ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓને તેમણે વિષયનું જ્ઞાન આપ્યું હતું.

કમલ ડી જોષીએ જણાવ્યું હતું કે 'આપણા દેશમાં કુલ વિદ્યુત ઉત્પાદનના ૩થી ૪ ટકા ઉત્પાદન ન્યૂક્લિયર ફ્યુઝન દ્વારા થાય છે, જેને ટૂંકા ભવિષ્યમાં ૯થી ૧૦ ટકા સુધી લઈ જઈ શકાશે. ન્યૂક્લિયર ફ્યુઅલનો જથ્થો આપણા દેશમાં વિપુલ પ્રમાણમાં ઉપલબ્ધ છે. જો પૂરેપૂરી કાળજી રાખવામાં આવે તો ન્યૂક્લિયર પાવર જનરેશન સલામતીપૂર્વક થઈ શકે તેમ છે.'

સૅમિનારનું આયોજન, સંચાલન ઈલેક્ટ્રીક ઍન્જિનીયરિંગ વિભાગના વડા અજીત પુજારા દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું.

# ઈન્ફોસિટી સ્કૂલના વિદ્યાર્થીઓ દ્વારા અમૂલ ડેરીની મુલાકાત

ગાંધીનગર, તા. ૧૨

ઈન્ફોસિટી સ્કૂલ દ્વારા ધોરણ-૬થી ૯ના ગુજરાતી અને અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓ દ્વારા અમૂલ ડેરી, આણંદની શૈક્ષણિક મુલાકાત લેવામાં આવી હતી. અમૂલ ડેરીમાં અદ્યતન ટૅકનોલૉજી વડે દૂધના પાઉડરનું, બટરનું ઉત્પાદન અને પૅકિંગ કેવી રીતે થાય છે તેની માહિતી ખૂબ ઝીણવટપૂર્વક વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી. અહીં જે રૉબોટિક પ્લાન્ટ શરૂ કરાયા છે તેની માહિતી પણ વિદ્યાર્થીઓએ આ પ્રવાસ દરમિયાન મેળવી હતી. વિદ્યાર્થીઓ તથા શિક્ષકગણે ખૂબ જ ઉત્સાહપૂર્વક શૈક્ષણિક મુલાકાતમાં ભાગ લીધો હતો. સંપૂર્ણ કાર્યક્રમ ગુજરાતી માધ્યમનાં પ્રિન્સિપાલ પ્રવીણાબેન અને અંગ્રેજી માધ્યમનાં સુપરવાઈઝર દિપ્તીબેનના નેતૃત્વ હેઠળ સફળ રહ્યો હતો. ઈન્ફોસિટી શાળાના મૅનેજિંગ ટ્રસ્ટી દલસાણીયા સહ તથા પ્રમુખ વૈષ્ણવસરે આ માટે સહકાર આપ્યો હતો.

### આગામી ઉનાળુ વૅકેશન દરમિયાન

# યુનિવર્સલ સંસ્થા દ્વારા ટ્રૅકિંગ કૅમ્પ

## શારીરિક-માનસિક કસરતો તથા સાહસિક પ્રવૃત્તિઓ કરાવવામાં આવશે

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર શહેરની યુનિવર્સલ સંસ્થા દ્વારા ઉનાળુ વૅકેશન દરમિયાન વિવિધ જગ્યાએ ટ્રૅકિંગ કૅમ્પનું આયોજન કરવામાં આવે છે.

આ ક્રમમાં આગામી વૅકેશન દરમિયાન મનાલી, ડેલહાઉસી, પંચમઢી, દાર્જીલિંગ, ગંગટોક, લેહ-લદાખ જેવાં સ્થળોએ ટ્રૅકિંગનું આયોજન કરવામાં આવ્યું છે. આ કૅમ્પમાં શારીરિક-માનસિક કસરતો તથા સાહસિકતાની પ્રવૃત્તિઓ કરાવવામાં આવશે.

આ કૅમ્પમાં જોડાવા માગતા વિદ્યાર્થીઓ, યુવાઓએ જતીન દવે (૯૭૨૫૦ ૭૨૩૨૨) અથવા કુલદીપ બારડ (૭૦૪૩૪ ૨૨૨૨૮)નો સંપર્ક સાધવો એમ આ અંગેની એક અખબારી યાદીમાં યુનિવર્સલ સંસ્થા દ્વારા જણાવવામાં આવ્યું છે.

# શિક્ષકોનાં નામ-ચહેરા યાદ આવતાં હૃદય કૃતજ્ઞતાથી ભરાઈ જાય છે

**સંવેદના 'મારી યાદગાર સ્કૂલ'**

મારી યાદગાર સાળા દિવાન બલ્લુભાઈ માધ્યમિક શાળા, જે કાંકરિયા તળાવની નજીક અને પ્રાણી સંગ્રહાલયની તો સાવ નજીક આવેલી છે. આજે પણ ત્યાંથી પસાર થાઉં ત્યારે મનોમન બોલાઈ જાય છે 'મારી શાળા સલામ તને' ને મારો હાથ સલામ કરવા માટે આપોઆપ ઉંચકાઈ જાય છે. ધોરણ પાંચથી અગિયાર સુધી મેં આ શાળામાં અભ્યાસ કર્યો. પ્રોપ્રાઈટરી હાઈસ્કૂલ તરીકે અમદાવાદમાં ખ્યાત મારી આ શાળા શિસ્ત, શિક્ષણ અને સંસ્કારમાં પ્રથમ સ્થાને હતી. અમે બધાં ભાઈ-બહેન અહીં ભણ્યા છીએ. અંગ્રેજોની સરમુખત્યારી, જોહુકમીની પરવા કર્યા વિના આર્થિક સહાય, અનુદાન લીધા વિના દિવાન અને બલ્લુભાઈએ સ્વબળે પોતાની માલિકીની આ શાળાની સ્થાપના કરી હતી. અમારી શાળા ૧૦૦ વર્ષની તો હશે જ.

પ્રિન્સિપાલ પદે સન્માનનીય ઠાકોરભાઈ ઠાકોર હતા. તેમનું પ્રભાવી અને સૌમ્ય વ્યક્તિત્વ લોકપ્રિય હતું. તેઓ ધોરણ પાંચથી અંગ્રેજી શીખવવાના હિમાયતી હતા. શાળાનો તમામ સ્ટાફ વિષય નિષ્ણાત અને શિસ્તબધ્ધ, સૌજન્યશીલ, પ્રેમાળ હતો. એમના હાથ નીચે અભ્યાસ કરવો એક લહાવો હતો. શિક્ષણની વ્યવસ્થા અદ્યતન હતી. કૅમ્પસમાં મોટા મોટા ખંડોમાં વર્ગો લેવાતા. વિશાળ પ્રાર્થના હૉલ અને લાયબ્રેરી પણ ખરી. વાચનાલય, ચિત્રરૂમ, ઑફિસ અને શિક્ષકો માટેનો સ્ટાફરૂમ પણ ખરો. વિદ્યાર્થીઓ માટે સ્વચ્છ શૌચાલય અને વિશાળ વૃક્ષો નીચે ઓટલા પણ હતા. રમતગમત માટેનું મેદાન મોટું હતું. ઈતર પ્રવૃત્તિઓમાં રમતગમત, નિબંધ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, સંગીત સ્પર્ધા ઉપરાંત ખાસ તો ક્રિકેટની રમતમાં જીત મેળવીને અખબારોમાં વિદ્યાર્થીઓ છવાઈ જતા.

ઉપરાંતમાં શિક્ષણમાં સિદ્ધિ પ્રાપ્ત કરીને પણ વિદ્યાર્થીઓ અખબારોમાં ચમકતા રહેતા. ધો. ૧૧નું પરિણામ આવે ત્યારે અમારી શાળાના વિદ્યાર્થીઓ અમદાવાદ અને ગુજરાતની યાદીમાં અગ્રસ્થાને હોય જ.

હું એક લેખક, સમાજસેવક, ચિત્રકાર કે ધારાસભ્ય તરીકે જાણીતી થઈ છું તે સઘળી સિદ્ધિઓમાં મારી શાળાનો સિંહફાળો છે. હું ખૂબ જ ગૌરવ અનુભવું છું કે મને આ શાળામાં અભ્યાસ કરવા મળ્યો.

**- ચંદ્રાબેન શ્રીમાળી**
**સેક્ટર-૩ એ**

અધ્યયન ક્ષેત્રે દેવભૂમિ દ્વારકાની એસીસી સિમેન્ટ વર્ક્સ સ્કૂલ અને અધ્યાપન ક્ષેત્રે ગાંધીનગરની માઉન્ટ કાર્મેલ સ્કૂલે મન પર જબરદસ્ત કબજો જમાવ્યો છે.

ઓખામંડળ તાલુકાના દ્વારકા ગામની એસીસી શાળાએ આપેલા બહુમૂલ્ય યોગદાનને કારણે મારા જીવનનું ઘડતર થયું, જેને યાદ કરી રોમ-રોમ ગાઈ ઊઠે છે, શાળા તું છે અમારી વહાલુડી માવડી, તારાં અમે બધાં બાળુડાં હો જી...

૧૯૬૪માં રણમુક્તેશ્વર મહાદેવના પ્રાંગણમાં પહેલા ધોરણની પગથી ચડી અને બીજા ધોરણથી સાતમા ધોરણની શિક્ષણયાત્રાના સંભારણાં એસીસી સ્કૂલ સાથે જોડાયાં.

'સ્વચ્છતા ત્યાં પ્રભુતા'ને સાકાર કરતું શાળાનું વર્તુળાકાર ઈન્ફ્રાસ્ટ્રક્ચર, સુઆયોજિત અને સુવ્યવસ્થિત વર્ગોનું સંવાદી વાતાવરણ, શાળાની લીસી લૉબી, વિશાળ મેદાન, પરિસરની ફરતે વડલા, પીપળા, સરૂનાં વૃક્ષો..... આજે પણ યાદ કરી બોલાવતાં હોય એવું લાગે છે!

શાળાના મધ્યખંડમાં યોજાતી પ્રાર્થનામાં શિસ્તબદ્ધ બેસી સામે બેઠેલી પ્રાર્થનાસમિતિ, તેની પાછળ શેતરંજી પર બેઠેલા આચાર્ય સહિતના શિક્ષકગણને યાદ કરતાં નતમસ્તક થઈ જવાય છે. બાળપણમાં વાર પ્રમાણે કરેલી એ પ્રાર્થનાઓના સૂર-શબ્દ આજે પણ મનવીણાના તારને ઝંકૃત કરી દે છે.

શિષ્ટ વાચન, શિષ્ટ લેખન, એકપાત્રિય અભિનય, વક્તૃત્વ અને નિબંધસ્પર્ધા - દરેકમાં ભાગ તો લેવાનો જ. નંબર આવે તો ઠીક છે નહિતર મળેલા પ્રમાણપત્રને સાચવવાનો આનંદ પણ અનેરો.

અમારી શાળામાં સ્વતંત્રતા પર્વોની ઉજવણી દાદ માગી લે તેવી. વ્યાયામ શિક્ષક શશીકાંતભાઈનો આરઍસઍસના સભ્ય જેવો પહેરવેશ ને તેમની કડકાઈ જોતાં પગ જાતે જ લૅફ્ટ-રાઈટ કરવા માંડતા. આદિત્ય, તારક, શશાંક અને નિહારીકા એમ ગ્રૂપ મુજબ શિસ્તબદ્ધ પરેડ કરવાની. ડંબેલ, લેઝીમ, લાઠી અને બાંબુના દાવ કરવાના અને દેશભક્તિ ગીતો ગાતાં-ગાતાં આખી કૉલોનીની પ્રદક્ષિણા કરવાની, બદલામાં મળતાં મીઠાઈનાં પડીકાં જેનો આનંદ સમગ્ર શાળા પરિવારને ખાતે જમા થતો.

હેડમાસ્તર મૂળશંકર ભટ્ટનું સૌમ્ય વ્યક્તિત્વ આજે પણ મનઃચક્ષુ સમક્ષ ખડું થાય છે. સાથે-સાથે એકેએક શિક્ષકોનાં નામ તથા ચહેરા યાદ આવતાં હૃદય કૃતજ્ઞતાના ભાવથી ભરાઈ જાય છે અને શાળાની યાદોનો આગાર ભરાઈ જાય છે!

**- કુસુમબેન રાજન જોષી**

મારી યાદગાર સ્કૂલ તરીકે મારે જો કોઈને નંબર આપવાનો હોય તો તે મારા આદરિયાણા ગામની પ્રાથમિક શાળા. ગામડાઓની શાળાઓનો લેખકો પોતાની કૃતિમાં ધૂળિયા શાળા તરીકે ઉલ્લેખ કરતા હોય છે, તે વક્રોક્તિને મારી આ શાળા સદંતર ખોટી ઠેરવતી હતી.

શાળાના મોટા ચોગાનમાં પાંત-સાત લીમડા, એક વડ અને એક બોરડી શાળાનાં પ્રહરી હતાં. એક નાનો પણ સુંદર બગીચો હતો, તેમાં ખીલતાં ફૂલો જાણે અમારી સામે જોઈને હાસ્ય ફરકાવતાં હોય તેવું લાગતું. શાળામાં પ્રવેશવાના રસ્તે જમણી બાજુ આ બગીચો તો ડાબી બાજુએ લપસણી, હીંચકા એવાં સાધનો હતાં. શાળાની દિવાલો વખતોવખત અંદર-બહારથી ધોળાતી રહેતી. તેના પર લખેલા સુવિચારો તથા ફ્રેમમાં મઢેલા મહાપુરુષોના ફોટોગ્રાફ્સથી દિવાલો જાણે બોલકી બની જતી હતી. આમાંનો એક સુવિચાર 'શાળા અમારી તીર્થભમિ, જ્ઞાનગંગા જ્યાં વહે' મને ખૂબ ગમતો. શાળાની સફાઈ અને બગીચાને પાણી પીવરાવવાના વર્ગ પ્રમામે વારા ગોઠવાતા. વડના વૃક્ષની બાજુમાં ક્રીડાંગણ હતું તો એક ઘટાટોપ લીમડાની નીચેના ચોકમાં સવારે પ્રાર્થના થતી. આચાર્યની ઑફિસથી નજીકના ચોકમાં રોજ સાંજે છૂટતી વખતે સમૂહમાં રાષ્ટ્રગીત અને પ્રતિજ્ઞાવાચન થતું. બંને રાષ્ટ્રીય તહેવારોએ સંગીતવાદ્યોના તાલે આઝાદી અમર રહો, ગાંધીબાપુ અમર રહો...ના નારા સાથે પ્રભાતફેરી નીકળતી. ૭ ધોરણ સુધી હું જે શિક્ષકો પાસે ભણ્યો તે બધાં મને આજે પણ યાદ છે. ૨૦૦૧ના ધરતીકંપમાં આ શાળા ધ્વસ્ત થઈ ગઈ હતી. અત્યારે તો ત્યાં જૂના લીમડા સાક્ષીરૂપે ઊભા છે. નવી શાળા ગામલોકોએ બીજે બનાવી છે. પરંતુ હું જ્યારે આ તરફ આવું છું ત્યારે મારી નાનપણની પગલીઓને અહીંના પ્રાંગણમાં શોધું છું!

**- નરેશ પંડ્યા**
**સેક્ટર-૩ એ**

## વાચકોને આમંત્રણ

### સંવેદના વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે. આ વખતનો વિષય છે :

**'મારી યાદગાર સ્કૂલ'**